# ટીચરોને ટ્રેઈન કરતો ટીનેજર સર્વ શિક્ષા અભિયાનનો ટ્રેઈનર

## નથિંગ ઈઝ ઈમ્પોસિબલ... સો કૌરવોના કડકડાટ નામ સાથે મેમરી પાવરની ટીપ્સ આપતો ૧૭ વર્ષનો ધવલ પટેલ

દૂર્યોધન - દુ:શાસન-સમન-સહન-વિનધાન-દુમુખન-અયોબાહુ-ચિત્રાંગન-પસ્સી-કુંધી-અભયન-વિરાજસ...એક બાદ એક ક્રમાંક સાથે સો કૌરવોના માત્ર ૧૨ વર્ષની ઉંમરે એણે પ્રથમ સેમિનાર કર્યો અને નિકુંજભાઈએ શ્રેષ્ઠ ઉદાહરણ મળે માટે દીકરાને જ અન્યોને ટ્રેઈન કરવા તૈયારી કરી દીધી...



કેન હેપન, અને એ કરી બતાવ્યું છે મારાં તમારાં વચ્ચેના વિદ્યાર્થી ધવલ નિકુંજભાઈ પટેલે.

**યશગાથા**
- સંજય થોરાત

ઈન્ફોસિટી જૂનિયર કોલેજમાં માધ્યમિક શિક્ષણ ગુજરાતીમાં લેનારો ધવલ પટેલ ગઈકાલે ગાંધીનગરમાં નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'સૌ ભણે સૌ આગળ વધે'ના સંકલ્પ સાથે કાર્યરત સર્વ શિક્ષા ઈભિયાન મિશનના ગાંધીનગર જિલ્લાના ટીચર્સને ટ્રેઈન કરવાં આવ્યો હતો. માત્ર દસ જ મિનિટમાં ૮૦ શિક્ષકો એની પ્રેઝન્ટેશન સ્કિલથી સંમોહિત બન્યાં. વિડીયો-ઓડિયો વિઝ્યુઅલ્સ અને પાવર પોઈન્ટની રજૂઆત સાથે કૌરવોના સો નામ કડકડાટ બોલી બતાવ્યા અને શિક્ષકોએ આ નાનકડાં વિદ્યાર્થી પણ માસ્ટર ટ્રેઈનરને તાળીઓથી વધાવી લીધો.

ઈન્ડો જર્મન ટ્રુલ રૂમ-અમદાવાદ ખાતે ડિઝાઈન ડિપાર્ટમેન્ટમાં કામ કરતાં નિકુંજ રામભાઈ પટેલે દીકરાને તૈયાર કરતાં પહેલાં પોતે યોગ, વિજ્ઞાન, માઈન્ડ પાવર, રેકી, ફેંગ શુઈ, ન્યૂમોરોલોજીની ટ્રેનીંગ લઈ માસ્ટર ટ્રેઈનર બન્યાં. જેમ ગામ ચોખ્ખું કરતાં પહેલાં આંગણું ચોખ્ખું કરવું પડે એમ એમણે પહેલાં દીકરા ધવલને બધી ટેકનીક શિખવાડી એનું પરર્ફોમન્સ સુધારી દીધું.

ધવલ પટેલે એક સુંદર મેડિટેશનનો પ્રયોગ કરાવ્યો અને શિક્ષકોએ એમનાં પ્રતિભાવ આપતાં કીધું કે 'મેડિટેશનથી બધો મનનો ભાર હળવો થઈ ગયો, શરીર હળવું ફુલ બની ગયું. રોજબરોજની જીવનની દોડાદોડમાં આટલી શાંતિનો અનુભવ ક્યારેય થયો નથી' આવાં ફિડબેક બાદ જ ખબર પડે કે એક નાનકડો ટીનેજર ટ્રેઈનર મોટાં શિક્ષકોને ટ્રેઈન કરી ટ્રેસ ફ્રી કરવાનું વિરાટ કાર્ય કરી રહ્યો છે.

અત્યાર સુધી નાનાં મોટાં થઈ ૫૦ સેમિનાર અને વર્કશોપ કરનારો ધવલ પટેલ નાનાં પ્રસંગો, વાર્તા, રમૂઝથી વાતાવરણ હળવુ અને શ્રોતાઓને બાંધી રાખે છે. વોકેશન ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ, ઈન્ડો જર્મન ટ્રુલ રૂમ, આય.ટી.આય., બેપ્સ ગુરૂકુળ તિથલ અને મહેસાણા, ડી.એન. પોલીટેનીક, બ્રાઈટ સ્કૂલ કરાઈ જેવી પ્રતિષ્ઠીત જગ્યાએ પોતાની કલામાં હુન્નર પાથરી ચૂક્યો છે.

માધ્યમિક શિક્ષણ ઈન્ફોસિટીમાંથી લેનારો ધવલ પટેલ નરોડા અમદાવાદ ખાતે રહે છે. ટીચર્સને ટ્રેઈન કરતો મોટીવેટર હમણાં જ બાર સાયન્સનાં બી ગૃપમાં ૯૩ ટકા માર્કસ મેળવી મેડિકલ કોલેજનો વિદ્યાર્થી બન્યો

● અનુસંધાન પાન-૭ પર



દબાણ હટાવો અભિયાન - ગાંધીનગરમાં દબાણ હટાવ અભિયાનની કોઈ નવી નવાઈ નથી... દબાણ હટાવાય અને તંત્ર હજી સેક્ટર છોડે ના છોડે ત્યાં તો બધુ હેમનુહેમ એમ ગોઠવાઈ જાય... વર્ષોની આ પરંપરા જળવાતી જાય છે અને જળવાય છે અને દર વખતે કહેવાય છે એમ આ વખતે પણ કહેવાયું છે કે, આ વખતે કડક છે... ફરીથી દબાણ નહિ આવે... બહુ સારું... ગાંધીનગર સારુ લાગશે... દબાણ અને ગંદકી એ ગાંધીનગર માટે સોનાની થાળીમાં લોઢાની મેખ જેવા છે... પરંતુ આ વખતે એ બધાના શબ્દો સાચા પડે તો સુવર્ણ જયંતિ વર્ષે ગાંધીનગર સોને મઢેલું લાગશે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# નગરના સ્થાપના દિવસે સેક્ટરે-સેક્ટરે રોપાઓનું વિતરણ કરાશે

## બીજી ઓગષ્ટે જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી અન્વયે વિતરણ માટે ઊંટલારી ફરશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં આગામી તા. ૨ ઓગષ્ટના રોજ જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. જે અન્વયે વન વિભાગ દ્વારા સેક્ટરે-સેક્ટરે ઊંટલારી ફેરવી નાગરિકોને રોપાઓનું વિતરણ કરવામાં આવશે. ચાર દિવસના આ રોપા વિતરણ અભિયાનમાં નગરની સંસ્થાઓનો પણ સહયોગ લેવાશે. જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી કરાઈ ખાતે યોજવા વિચારણા હાથ ધરાઈ છે.

ચાલુ વર્ષે વરસાદ વિલંબમાં પડતા રોપાઓના વાવેતરની પ્રક્રિયામાં હજી ગતિ આવી શકી નથી. જ્યારે ઘરઆંગણે વૃક્ષો ઉછેરવાના મામલે પણ નાગરિકોમાં નિરસતા જોવા મળે છે. જો કે ખાતાકીય વાવેતર ઉપર પણ વરસાદના વિલંબની અસર થઈ છે. આગામી તા. ૨ ઓગષ્ટના રોજ જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. ગાંધીનગરના સ્થાપના દિવસે યોજનારા આ વનમહોત્સવની ઉજવણી કરાઈ ખાતે યોજવા વિચારણા હાથ ધરાઈ છે. વનવિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર વનમહોતસવની ઉજવણી અન્વયે શહેરના તમામ સેક્ટરોમાં રોપાઓનું વિતરણ કરાશે. આ માટે એન.જી.ઓ.નો સહયોગ પણ લેવાશે. ચાર દિવસના આ અભિયાન અન્વયે સેક્ટરોમાં ઊંટલારી ફરતી કરી આમ નાગરિકોને રોપાઓનું વિતરણ કરાશે. બીજીતરફ ટ્રી ગાર્ડ વનીકરણની યોજના બંધ થઈ ગઈ હોવાથી નાગરિકોની ટ્રી ગાર્ડની માંગણી સંતોષી શકાશે નહીં તેમ પણ તેમણે જણાવ્યું હતું.

### ખૂણે... ...ખાંચરેથી

● ગાંધીનગર જિલ્લાના વતની ચાર ધારાસભ્યોએ અને એક મંત્રીશ્રીએ આજે વિધાનસભામાં પંચાયત અને સામાજિક ન્યાય અધિકારીતા વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લીધો હતો. જે જિલ્લા માટે ઐતહાસિક ઘટના છે.

● આજે વિધાનસભા ખાતે ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર આવ્યા હતા.

● રાજ્યમાં મોડે મોડે સક્રિય થયેલા ચોમાસાને વધાવવા આજે કૃષિમંત્રીશ્રીએ તેમના નિવાસસ્થાને ભોજન સમારોહનું આયોજન કર્યું હતું.

# ભાડૂઆત અંગે જાણ કરતા મકાન માલિકોને પોલીસની કનડગત

## દસ્તાવેજ સહીત બિનજરૂરી માહિતી માંગતા નાગરિકોને ધક્કા ખાવા પડે છે

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં મકાન ભાડે આપવા અંગેની જાણ પોલીસને કરતા મકાનમાલિકોને ખોટી કનડગત સહન કરીને ધક્કા ખાવાનો વારો આવતો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે આ મામલે સ્થાનિક જાગ્રત નાગરિકો દ્વારા પોલિસ તંત્રના ઉચ્ચ અધિકારીઓને પણ રજૂઆત કરવામાં આવી છે. આ સ્થિતિના લીધે જાગૃતતા દાખવતા સાચા નાગરિકોએ બિનજરૂરી હેરાનગતિ વેઠવવી પડતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

શહેરમાં વધતા ગુનાખોરીના પગલાને ડામવા પોલિસ તંત્ર દ્વારા નાગરિકોના હીતને ધ્યાન લઈ નવી યોજનાઓ હાથ ધરવામાં આવી છે. એક બાજુ ઘરફોડ ચોરીના વધતા ગુન્હાને ડામવા પોલીસ તંત્ર દ્વારા પ્રજા અને પોલીસ વચ્ચેનો સેતુ વધુ મજબૂત કરવાની વાતો થાય છે. પરંતુ નિયમોનો અમલ કરવાની પ્રક્રીયા દરમિયાન આમ નાગરિકો માટે ખોટી રીતે કનડગત ઉભી કરવામાં આવતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. શહેરમાં મકાન ભાડે આપતા પૂર્વે મકાન માલિકે આ અંગે પોલીસને જાણ કરવા અગાઉ નાગરિકોને જણાવાયું હતું. જેથી પર પ્રાંતિય અસામાજિક તત્વો શહેરમાં ગેરકાયદેસર ઘુસણખોરી કરી ન શકે આવા સંજોગોમાં મકાન ભાડૂઆત સંદર્ભે પોલીસને જાણ કરતા નાગરિકો પાસે દસ્તાવેજ સહીતના અન્ય કાગળ તેમજ બિનજરૂરી ઉલટ તપાસ કરી પોલીસ દ્વારા કનડગત કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉદભવી છે. જેના પરિણામે નિયમોનું પાલન કરતા જાગૃત નાગરિકોએ ધક્કા ખાવા પડે છે. પોલીસની આ કનડગત દૂર કરવા જાગ્રત નાગરિકો દ્વારા ઉચ્ચ અધિકારીઓને પણ રજૂઆત કરવામાં આવી છે.

# પરિણિતા આત્મહત્યા કેસમાં પતિને ત્રણ વર્ષની સખત કેદ

ગાંધીનગર, તા.૨૨

પરિણિતાને આત્મહત્યા માટે દુષ્પ્રેરણ કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૩ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. વધુમાં આરોપીને રૂ.૧૦હજારનો દંડ અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની કેદની સજા ભોગવવા પણ કોર્ટેઆદેશ કર્યો છે.

**બી.એસ.એફ.નો કર્મચારી પત્નીને શારિરીક માનસિક ત્રાસ આપતો હતો**

આ કેસની વિગત એવી છે કે આંધ્રપ્રદેશના રહેવાસી રમેશ મદન આયામાચલ્લાની દિકરીના લગ્ન ગાંધીનગર જિલ્લાના લેંકાવાડા ખાતે બી.એસ.એફ. કવાટર્સના મકાન નં. ૩૧ ટુ ટાઈપમાં રહેતા દિવાકર રામલીંગમ તારાપલ્લી સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને ત્યાં પુત્ર અને પુત્રીનો જન્મ થયો હતો. પરિણિતાને આરોપી દિવાકર રામલીંગમ દ્વારા દારૂ પીને શારિરીક-માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. જેથી પતિના ત્રાસથી કંટાળી પરિણિતાએ પંખે લટકી આત્મહત્યા કરી હતી. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનીલ પંડયાએ દલીલો કરી હતી. જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે આરોપી બી.એસ.એફ.માં નોકરી કરે છે. કેન્દ્ર સરકારનો કર્મચારી છે. આરોપીના ત્રાસથી પરિણિતાએ આત્મહત્યા કરી છે. જેથી તેને સખત સજા થવી જોઈએ. જે દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈ જજ આર.એ. ઘોઘારીએ આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.



વિજયોત્સવ - જૂનાગઢ મહાનગરપાલિકામાં ભાજપને ૩/૪ બહુમતિ મળતાં ગાંધીનગર ભાજપ પરિવારમાં આતશબાજી કરી વિજયના વધામણા કર્યા હતા. ગુજરાતની એકમાત્ર કોંગ્રેસ શાસિત મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભાજપે જ્વલંત વિજય મેળવતા શહેરી વિસ્તારોમાં કેસરીયો સંપૂર્ણ લહેરાયો....

# ગાંધીનગર શહેરમાં પાંચ ટી.પી. સ્કીમો મંજૂર

ગાંધીનગર, તા. ૨૨

આજે વિધાનસભા ખાતે ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલના ગાંધીનગર શહેરમાં બનાવેલ ટી.પી. સ્કીમોના પ્રશ્નના પ્રત્યુત્તરમાં વિધાનસભામાં શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કહ્યું કે, શહેરમાં કુલ પાંચ ટી.પી. સ્કીમો છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં તમામ રહેણાંક વિસ્તારમાં ટી.પી. સ્કીમો મંજૂર કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૨૩ ટી.પી. સ્કીમો મંજૂર કરાઈ છે. છેલ્લા બે વર્ષમાં જે પાંચ ટી.પી. સ્કીમો મંજૂર કરાઈ છે તેમાં અડાલજ, કુડાસણ, ધોળાકુવા, કોબા, રાંદેસણનો સમાવેશ થાય છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
- પ્રકાશ જહા

● **નાના મધ્યમ અને મોટા તળાવો**

કોંગીના ધારાસભ્યશ્રી અમીતભાઈ ચૌધરીએ ગાંધીનગર જિલ્લાના માણસા, દહેગામ અને કલોલ તાલુકામાં આવેલા નાના-મધ્યમ અને મોટા તળાવો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપતિ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ તાલુકાઓમાં બધા મળી ૨૧૮૩ તળાવો આવેલા છે. મોટા-મધ્યમ કે નાના તળાવ એવુ વર્ગીકરણ કરવામાં આવતુ નથી.

શ્રી ચૌધરીએ આ તળાવો નર્મદાના પાણીથી ભરવાના આયોજનને લઈ પુછેલા લેખિત પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે તાંત્રિક દષ્ટિએ શક્ય હોય તથા સામાન્ય નીતિ અનુસાર ૨ કિ.મી.ની મર્યાદામાં હોય તેવા તળાવો પાણીની ઉપલબ્ધ અનુસાર ભરવામાં આવે છે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના એક અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે માણસા તાલુકાના ૧૦, કલોલ તાલુકાના ૧૯ અને દહેગામ તાલુકાના ૨૩ એમ મળી કુલ ૫૨ તળાવો પાઈપલાઈનથી જોડી ભરવામાં આવે છે.

આ ઉપરાંત કલોલ તાલુકાના બે તળાવો પાઈપલાઈનથી જોડવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. જે પૂર્ણ થયેથી ભરવામાં આવશે. અન્ય સૂચિત પાઈપલાઈન દ્વારા કલોલ અને માણસા તાલુકામાં સ્કાવર વાલ્વથી ૨ કિ.મી. સુધીના અંતરમાં આવતા તળાવો

● અનુસંધાન પાન-૭ પર

# કૃષિ હેતુ માટે ખેડૂતોને ૬ ટકા વ્યાજ રાહત આપવાની જોગવાઈ

## રાજય સહકારી કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંકની ૬૨મી સામાન્ય સભા યોજાઈ : બેંકની કામગીરી તેમજ વહીવટી બાબતો અંગે જાણકારી અપાઈ

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંકની આજે ટાઉનહોલ ખાતે ૬૨મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી.આ તબક્કે બેંકના ચેરમેને જણાવ્યું હતું કે સરકારે બજેટમાં કૃષિ વિષયક હેતુઓને અનુલક્ષી ૬ ટકા વ્યાજ રાહત આપવાની જોગવાઈ કરી છે જેના લીધે ખેડૂતોને ફાયદો થશે. વધુમાં જામી ગયેલા દેવા દૂર કરવા સરકાર દ્વારા અધિકારીઓની નિમણૂંક કરે તેવી પણ ઈચ્છા વ્યકત કરી હતી.

ખેતી બેંકની વાર્ષિક સાધારણ સભા દરમિયાન બેંકની કામગીરી અને વહીવટી બાબતો અંગે જાણકારી આપવામાં આવી હતી. આ તબક્કે પંચમહાલ, જામનગર, સુરેન્દ્રનગર તેમજ મહેસાણા જિલ્લામાં ચુંટાયેલા બેંકના નવા ડિરેકટરોનું સન્માન કરવામાં આવ્યું હતું. બેંકના ચેરમેન કનુભાઈ પટેલે જાણકારી આપતા જણાવ્યું હતું કે સભાસદોના હિતમાં બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સ દ્વારા સભાસદોને શેરભંડોળની સ્કીમ પર ૧૨ ટકા લેખે ડીવીડન્ડ ચુકવવા નિર્ણય કરવામાં આવ્યો છે. જયારે બેંક દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩થી ગ્રીનહાઉસ માટે પણ ધિરાણ શરુ કરવામાં આવ્યું છે. બેંક દ્વારા ખેડૂતોની જરૂરિયાત મુજબના હેતુઓ માટે રૂ. ૩૩૩૬ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું છે. બેંક ધિરાણના દરમાં ૫ ટકા વ્યાજ સહાય આપવા અગાઉ સરકારને રજૂઆત કરવમાં આવી હતી. જેના અંતે કૃષિ વિષયક હેતુઓ માટે ૬ ટકા વ્યાજ રાહત આપવાની બજેટમાં જોગવાઈ

● અનુસંધાન પાન-૭ પર

**ગુજરાત એન્વાયરોમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ (ગેમી)**
GEMI
(ગુજરાત સરકારશ્રીની સ્વાયત્ત સંસ્થાન)
પ્લોટ નં. ૨૭૨-૨૭૩, પહેલો માળ,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની પાછળ,
ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોન : (૯૧) ૭૯-૨૩૨૪૦૯૬૪,
ફેક્સ ફોન નં. (૯૧) ૦૭૯-૨૩૨૪૦૯૬૫
E-mail : info@gemi-india.org
Website : www.gemi-india.org

**જાહેર સુચના**

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)ને તેની ગાંધીનગર સ્થિત લેબોરેટરી ખાતે રહેલ લેબોરેટરી ઈક્વીપમેન્ટ અને ઈન્સ્ટ્રુમેન્ટ, આર.ઓ. સીસ્ટમ, કેનન ઝેરોક્ષ મશીન, ઈપીબીએક્સ સીસ્ટમ, રેફ્રીજરેટર, એર કંન્ડીશન (એ.સી.), કોમ્પ્યુટર્સ, સીક્યુરીટી સીસ્ટમ માટે વાર્ષિક મરામતનો કોન્ટ્રાકટ કરવાનો હોવાથી સદર કામે રસ ધરાવતા એજન્સી/ વેપારી/ વ્યક્તિઓ પાસેથી ઉપરોક્ત જણાવેલ ઈન્સ્ટ્રુમેન્ટના પ્રકાર મુજબ વાર્ષિક મરામતના ભાવો મેળવવા આમંત્રિત કરે છે.

સંસ્થાનના ઉપરોક્ત જણાવેલ સરનામા પર કચેરી સમય દરમિયાન રૂબરૂ અથવા પોસ્ટથી અથવા અમારા ઉપરોક્ત જણાવેલ ઈ-મેઈલ એડ્રેસ પર વાર્ષિક મરામતના ભાવો તા. ૭/૮/૨૦૧૪ સુધી જ મોકલી શકાશે.

તા. ૨૨/૭/૨૦૧૪
સ્થળ : ગાંધીનગર

ડો. સંજીવ ત્યાગી
નિયામક

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com